અપીલ અરજી નં.૩૬૭ તા.૨૦–૧–૧૦

અરજદાર: ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ શ્રી જગતનારાયણ શર્મા
સામાવાળા: (૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધનાઝોન

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ શ્રી જગતનારાયણ શર્માની તા.૨૫–૧૧–૦૯ની અરજીથી (૧) સીએનજી સર્કલથી સોસીયો સર્કલ સુધી કુલ લાઈટ પોલ થાંભલા ફાળવવામાં આવ્યા હતા તે હાલમાં કયાં જમા કરાવ્યા સાથે વાયર કેટલા મીટર હતો (૨) ઉધના મેઈનરોડ નં.૦ ઉપર કુલ કેટલા સોડીયમ ફાળવવામાં આવ્યા છે. અને કુલ કેટલા મીટર વાયર ફાળવવામાં આવેલ છે કયા જમા કરવામાં આવે છે.એ બધાની જમાં વાઉચરની નકલ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૨૦–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૭/૨૦૦૯–૧૦

ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ શ્રી જગતનારાયણ શર્માની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં. (૧) સીએનજી સર્કલથી સોસીયો સર્કલ સુધી કુલ લાઈટ પોલ થાંભલા ફાળવવામાં આવ્યા હતા તે હાલમાં કયાં જમા કરાવ્યા સાથે વાયર કેટલા મીટર હતો (૨) ઉધના મેઈનરોડ નં.૦ ઉપર કુલ કેટલા સોડીયમ ફાળવવામાં આવ્યા છે. અને કુલ કેટલા મીટર વાયર ફાળવવામાં આવેલ છે કયા જમા કરવામાં આવે છે.એ બધાની જમાં વાઉચરની નકલ આપવા બાબતે એપેલેટ ઓફિસરને તા.૨૦–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૧૨૩૩ તા.૩૦–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ નથી? કે મળ્યા સામે નારાજગી છે? અને કઈ વિગતે? તે સ્ પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સાઉથ ઝોન/આ.૬૫૬૬ તા.૬–૨–૧૦ થી અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક/૫૪૮૮ તા.૧૭–૧૨–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ અત્રેના વિભાગને પહોંચતી કરવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગતો પહોંચતી કરવામાં આવેલ નથી.

અરજદારે તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી (૧) સીએનજી સર્કલથી સોસીયો સર્કલ સુધી કુલ લાઈટ પોલ થાં ભલા ફાળવવામાં આવ્યા હતા તે હાલમાં કયાં જમા કરાવ્યા સાથે વાયર કેટલા મીટર હતો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.ઝોન/આ.૫૨૦૧ તા.૩–૧૨–૦૯ થી ડે.ઈજનેર લાઈટખાતાને તબદીલ કરેલ છે.(૨) ઉધના મેઈનરોડ નં.૦ ઉપર કુલ કેટલા સોડીયમ ફાળવવામાં આવ્યા છે. અને કુલ કેટલા મીટર વાયર ફાળવવામાં આવેલ છે કયા જમા કરવામાં આવે છે. એ બધાની જમાં વાઉચરની નકલ આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે ઉધના મેઈન રોડથી રોડ નં."૦ " સુધીના ઉધના સેન્ટ્રલ રોડ પર નવા પોલ ફીટીંગ ઉભા કરવાથી દ.ગુ.વી.કુ. ના પોલ પર લગાવવામાં આવેલ હંગામી લાઈટનાં જુના સોડીયમ ફીટીંગ હટાવવામાં આવેલ માલ સામાનની વિગતમાં કુલ કાઢ વામાં આવેલ ફીટીંગો –૨૮ નંગ, ફરીથી લગાવવામાં આવેલ ફીટીંગોની વિગત. (૧) ભેસ્તાન ગાર્ડન ખાતે લગાવવામાં આવેલ ફીટીંગો–૪ નંગ. (૨) વિજયાનગર સ્ટેડીયમના પાછળના ભાગમાં લાઈટ ખાતાની ઓફિસના કંપાઉન્ડમાં–૨ નંગ (૩) ભેસ્તાન ગામના સાંઈબાબા મંદિર પાસે –૧ નંગ (૪) ઉધનાગામમાં યુવી–૫૦ નંબરના પોલ પર મંદિર પાસે –૧ નંગ (૫) હરીનગર–૩ સોસાયટી માતાજીના મંદિર પાસે –૧ નંગ (૬) હરીઈચ્છા–૩ સોસાયટી માતાજી/મહાદેવ મંદિર પાસ ે તોલ નંબર "૨૧ " પર –૧ નંગ (૭) મનહર ડાઈંગ રોડ પર પોલ નં.૯–૧ નંગ (તુટેલા ફીટીંગ બદલાયેલ) (૮) ઉધના મગદલ્લા રોડ પોલ નં.૩૧ –૧ નંગ (અકસ્માત ડેમેજ થયેલ) કુલ લગાવેલ સોડીયમ ફીટીંગની સંખ્યા –૧૨, સ્ટોરમાં બાકી જમાં ફીટીંગો–૧૬, કુલ કાઢવામાં આવેલ ઓવરહેડ ૨ કોર વાયર–૩૨૦ મીટર, મહાકાળીનગર રોડ નં.૧૩,૧૪,૧૫ પર આવેલ ગલીઓને જુનો સપ્લાય ઉધના સેન્ટ્રલ રોડ પરથી આપવામાં આવેલ જે ડીસકનેકટ થતાં અન્ય નજીકના મસ્તાનનગરના ફીડર પોલ પર થી કનેકશન આપવામાં આવેલ જેમાં વપરાયેલ ઓવરહેડ–૨૦૦ મીટર. વિજયાનગર લાઈટખાતાના મીટરને જી.ઈ.બી. પોલ પરથી સપ્લાય આપવા માટે તથા કંપાઉન્ડમાં લગાવેલ સોડીયમ ને સપ્લાય આપવામાં વપરાયેલ ઓવરહેડ–૧૨૦ મીટર (આશરે) તેવી માહિતી પુરી પાડેલ છે. . જયારે મુદ્દા નં.૧ બાબતે ડે.ઈજનેર લાઈટ ખાતા તરફથી કોઈ માહિતી આપેલ હોવા બાબતે અરજદારે જણાવેલ નથી સાથે અપીલ અરજીમાં અરજદારે જાહેર માહિતી અધિકારી સાઉથઝોનને જ પક્ષકાર બનાવેલ હોઈ મુદ્દા નં.૧ ની તબદીલીના જાહેર માહિતી અધિકારી કક્ષાની માહિતી અંગે અરજદારે અપીલનું કારણ ઉત્પન નહીં કર્યાનું સ્પષ્ટ થાય. અરજદારે અપીલ અરજીમાં નારાજગી અંગેનું કોઈ કારણ જણાવેલ નથી. તેમજ અરજદારને અપીલ તબકકે વધુ એક તક આપી પત્ર પાઠવવામાં આવેલ તેમ છતાં કોઈ વિગતો મળેલ નથી.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી અપીલ હેઠળના જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી તેમને સ્પર્શતી મુદ્દા નં.૨ ની માહિતી અરજદારને સમય અવધિમાં પૂરી પડાયેલ હોઈ અપીલમાં વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જગતનારાયણ શર્મા